# જાહેરાત

## મત્સ્યોધોગ કમિશ્નરશ્રીની કચેરી

ડૉ.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૧૦, ત્રીજા માળે,ગાંધીનગર

મત્સ્યોધોગ કમિશ્નરશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૦, ત્રીજા માળે, ગાંધીનગરના નિયંત્રણ હેઠળની જુદી જુદી કચેરીઓમાં નીચે દર્શાવેલ મદદનીશ મત્સ્યોધોગ અધિક્ષક(સીનીયર) વર્ગ–૩ ની–૨૧ જગ્યાઓ પર સીધીભરતીની મેરીટ યાદી તૈયાર કરવા માટે જગ્યાના સંદર્ભમાં ઉલ્લેખ કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં OJAS વેબસાઈટ પર ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http:ojas.guj.nic.in અથવા http:ojas2.guj.nic.in વેબસાઈટ પર તા. ૯/૦૪/૨૦૧૫ ( બપોરના ૧૪:૦૦ કલાક) થી તા..૨૯/૦૪/૨૦૧૫ ના (રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી) ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઉમેદવારે તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ [15 kb] અને સહીનો નમૂનો [15 kb] સાઈઝ થી વધે નહી, તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી ઓન લાઈન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. ઉમેદવારે પોતાના બધા જ શૈક્ષણિક વય અને જાતિ તેમજ લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે. અને અરજીપત્રકમાં તે મુજબની વિગતો ભરવાની રહેશે. પસંદગી પ્રક્રિયા હેતુલક્ષી પ્રશ્નોવાળી OMR પધ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા સંબધી બધી જ સુચનાઓ મોબાઈલ નંબર પર SMS થી આપવામાં આવશે, આથી અરજીપત્રકમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો. અને પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરુરી છે.

**૧**. ભરવાપાત્ર જગ્યાના સંદર્ભે અનામતની ટકાવારી મુજબ જાતિવાર ભરવાની થતી જગ્યાઓ.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલા માટે અનામત રાખવામાં આવેલ જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી P.H. અને માજી સૈનિક માટે અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | સા.શૈ.પ્.વ. | અનુ. જાતિ | અનુ. જન. જાતિ | બિન અનામત (સામાન્ય) | સા.શૈ.પ.વ. | અનુ. જાતિ | અનુ.જન. જાતિ | P.H. | માજી સૈનિક |
| GF/201516/1 | મદદનીશ મત્સ્યોધોગ અધિક્ષક (સીનીયર) વર્ગ–૩ | ૨૧ | ૧૨ | ૫ | ૧ | ૩ | ૪ | ૨ | ૦ | ૧ | ૦ | ૨ |

- માજી સૈનિક માટે અનામત જગ્યાઓ જે તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે.

**૨.** અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, અને સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.

- અનામત વર્ગોના ઉમેદવારો જો બિન–અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહિ.
- ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે તેઓ અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે કે બિન અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે. તે સ્પષ્ટ જણાવવુ. એક વખત ઓન લાઈન અરજી કર્યા બાદ ઓન લાઈન ફોર્મમાં દર્શાવેલ જાતિ/કક્ષામાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતની રજૂઆત કરશે, તો તેની રજૂઆત સ્વીકારવામાં આવશે નહિ. ઉમેદવારોને આ સુચના ધ્યાને લઈ તેનુ અચૂક પણે પાલન કરવા જણાવવામાં આવે છે.

* માજી સૈનિક માટે કુલ ભરવાપાત્ર જગ્યાઓના ૧૦ ટકા મુજબ જગ્યાઓ અનામત છે. જે જે તે કેટેગરી સામે સરભર કરાશે. માજી સૈનિક માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક માજી સૈનિક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.
* શારિરીક અશકતતા ધરાવતાં ઉમેદવારો માટે કોઈ જગ્યા અનામત નથી. પરંતુ OA,OL,LV અને HH પ્રકારની ૪૦ ટકાથી ૭૫ ટકા સુધી શારિરિક અશકતતા ધરાવતા ઉમેદવારો આ જગ્યા માટે ઉમેદવારી કરી શકશે.
* મહિલાઓ માટેની જગ્યાઓ ૩૩ % મુજબ અનામત છે. જે જેતે કેટેગરી સામે સરભર કરાશે. મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા જે તે કેટેગરીના પુરુષ ઉમેદવારોથી ભરવામાં આવશે.
* સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી તથા નિમણુંક સમયે પુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત સમિતિ માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં રજૂ કરવાના રહેશે.

૩. ઉકત જગ્યાઓના ફીકસ વેતન, પગાર ધોરણ, શૈક્ષણિક લાયકાત તથા વય મર્યાદાની વિગતો નીચે મુજબ છે.

| **સંવર્ગ** | **પગાર ધોરણ** | **પ્રથમ પાંચ વર્ષમાટે મળવાપાત્ર ફીકસ પગાર** | **શૈક્ષણિક લાયકાત** | **વયમર્યાદા (તા.૨૯/૦૪/૨૦૧૫ ની સ્થિતિએ)** |
|---|---|---|---|---|
| મદદનીશ મત્સ્યોધોગ અધિક્ષક (સીનીયર) વર્ગ–૩ | રૂા.૯૩૦૦–૩૪૮૦૦ (ગ્રેડ પે રૂા.૪૪૦૦) | રૂા.૧૩,૭૦૦/– | ૧) (I) a Master degree in Fisheries Science or Master of Science with Fisheries Resource Management or Aqutic Biology or Marin Culture or Post Harvest Technology or Marine Science or Zoology obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act, in India; or any other educational institution recognized as such or declared to be a deemed University under section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognized as such by the Government; and have about one year experience on the post not below the rank of Fisheries Officer, Class III, in the subordinate services of commissionerate of the Fisheries; or one year separate or combined experience of management of Fisheries or modern methods of preservation or processing or marketing of fish in Government, Local bodies, Government undertaking, Board, or Corporation or Registered Organization on the post which can be considered equivalent to the aforesaid post or<br><br>(II) a bachelor degree in Fisheries Science or Zoology as a principal subject obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act, in India; or any other eductional institution recognized as such or declared to be a deemed University under section 3 of the | ૩૧ વર્ષથી વધુ હોવી જોઈએ નહી. |

| | | | | |
|---|---|---|---|---|
| | | | University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognized as such by the Government; and have about three years experience on the post not below the rank of Fisheries Officer, class III, in the subordinate services of Commissionerate of Fisheries; or about three years separate or combined expeience of managemant of Fisheries or modern methods of preservation or processing or marketing of fish in Government, Local bodies, Government undertaking Board or Corporation or Registered Organization on the post which can be considered equivalent to the aforesaid post.<br><br>2.(i)Possess the basic knowlodge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules,1967 and Possess adequate knowledge of Gujarati or Hindi or both. | |

- નાણાં વિભાગના તા. ૧૬/૨/૦૬, તા.૧/૮/૦૬, તા.૨૯/૪/૧૦ તથા તા. ૬/૧૦/૧૧ ના ઠરાવ તથા સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૦૯ ના ઠરાવની જોગવાઈઓને આધીન જે બોલીઓ/ શરતો/ નિયમો નકકી કરેલ છે. તે તેમજ હવે પછી વખતો વખત સરકારશ્રી ધ્વારા નકકી કરવામાં આવે તે બોલીઓ/ શરતો/ નિયમો ઉમેદવારને બંધનકર્તા રહેશે. પ્રવર્તમાન જોગવાઈઓને આધીન પ્રથમ પાંચવર્ષ માટે ઉપર દર્શાવ્યા મુજબના ફીકસવેતનના ધોરણે લાયક ઉમેદવારને અજમાયશી, ધોરણે નિમણુંક અપાશે. તે સિવાય અન્ય કોઈ ભથ્થા, કે લાભો મળવાપાત્ર રહેશે નહિ. ત્યારબાદ પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયાની ખાત્રી થયા બાદ ઉપર જણાવેલ વિગતે અથવા સરકારશ્રી ધ્વારા જે તે જગ્યા માટે વખતો–વખત નિયત કરાયેલ મળવાપાત્ર પગાર ધોરણમાં નિમણુંક મેળવવાને પાત્ર રહેશે.
- નાણાંવિભાગનાતા.૪/૬/૨૦૧૨ ના પત્ર ક્રમાંકઃ–ખરચ/૧૦૨૦૧૨/સીસી/૧૦/ઝ.૧ ના આદેશ મુજબ આ નિમણુકો રાજય સરકાર ધ્વારા નામ. સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ એસ.એલ.પી.નંબર–૧૪૧૨૪– ૧૪૧૨૫/૨૦૧૨ ના આખરી ચુકાદાને આધીન રહેશે.

૪. **રાષ્ટ્રીયતા** :– ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ ને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ–૭ હેઠળ કરવામાં આવેલ જોગવાઈ મુજબ પાત્રતા ધરાવતો હોવો જોઈએ.

૫. ઉમેદવાર ગુજરાતી/ હિન્દી અથવા બંને ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઈએ

૬. **કોમ્પ્યુટરની જાણકારી** :

(૧) ઉમેદવાર રાજય સરકારના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭, અન્વયે ઠરાવેલી કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર–૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦–ગ–૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતાં હોવા જોઈએ. તથા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાનઅંગેના કોઈપણડીપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય, તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ–૧૦અને ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય, તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. આ તબકકે આ પ્રમાણપત્ર ન ધરાવતાં ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણુંક મેળવતા પહેલાં આ પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે નહી.

૭. **વયમર્યાદા છૂટછાટ** : ઉપલી વય મર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

(૧) મૂળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, અને સામાજીક, શૈક્ષણિક રીતે પછાત વર્ગના ફકત પુરુષ ઉમેદવારોનાં કિસ્સામાં ઉપલી વય મર્યાદામાં નિયમોનુસાર ૫(પાંચ) વર્ષની છૂટછાટ આપવામાં આવશે.

(૨) મૂળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, અને સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગના મહિલા ઉમેદવારોને દસ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે. તેનો પણ સમાવેશ થઈ જાય છે.)

(૩) બિન–અનામત વર્ગોના મહિલા ઉમેદવાર માટે ઉપલી વય મર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે.

(૪) વિકલાંગ ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૧૨/૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ–૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડેટ/સીવીલ સર્જનના પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦(દસ) વર્ષની છૂટછાટ મળશે.

(૫) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ સળંગ છ માસથી ઓછી ફરજ બજાવેલ ન હોય, અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત થયા હોય,તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ઉંમરમાંથી બાદ કરતાં મળતી ઉંમર, ભરતી નિયમોમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદામાં ત્રણ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

**ખાસ નોંધઃ**

૧) તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વય મર્યાદા છૂટછાટ સાથે કોઈપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈએ નહિ.

(૨) અનામત કેટેગરીના તમામ ઉમેદવારોના કિસ્સામાં જાતિ પ્રમાણપત્ર, વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, વધારાની લાયકાત, અનુભવ અને લાગુ પડે ત્યાં નોન ક્રિમિલીયર સર્ટીફીકેટ અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

૮. **અરજી ફી સ્વીકારવા/જમા કરાવવા અંગેની સૂચના** :–

(૧) જનરલ તથા સામાજીક શૈક્ષણિક પછાત કેટેગરીના પુરુષ/ મહિલા ઉમેદવારોએ પરીક્ષા ફી રૂા.૧૦૦/– નજીકની કોઈપણ કોમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફીસમાં રોકડેથી ભરવાની રહેશે.

(૨) OJAS વેબસાઈટ પર અરજી કરતી વખતે અરજી પત્રકમાં આપેલ ચલણની ૩(ત્રણ) નકલની હાર્ડકોપી કાઢી તે પોસ્ટ ઓફીસમાં રજુ કરવાથી પોસ્ટ ઓફીસ ધ્વારા અરજી ફી સ્વીકારવામાં આવશે.

(૩) આ ૩(ત્રણ) ચલણ પૈકી એક ચલણ પોસ્ટ ઓફીસ રાખશે. અને બીજા બે સહી/ સિકકા કરી ઉમેદવારને પરત કરશે. જે ઉમેદવારે સાચવી રાખી પરીક્ષા સ્થળે અચુક જમા કરાવવાના રહેશે. જો પરીક્ષા સમયે ઉમેદવાર આ ચલણ જમા નહીં કરે તો તેને પરીક્ષામાં પ્રવેશ કે, પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

(૪) અરજી ફી માત્ર પોસ્ટ ઓફીસમાં જ સ્વીકારવામાં આવશે. રોકડેથી ફી સ્વીકારવા માટેનો પોસ્ટ ઓફીસે નકકી કરેલો ચાર્જ (રૂા.૧૦૦/– + રૂા.૧૨/– (પોસ્ટ ઓફીસ ચાર્જ) ભરી દેવાનો રહેશે. અન્ય કોઈ પણ રીતે પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.

(૫) ફી ભર્યા બાદ રીફન્ડ મળવાપાત્ર નથી.

(૬) મૂળ ગુજરાતના અનુસુચિત જાતિ તથા અનુસુચિત જન જાતિના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) મૂળ ગુજરાતના અનુસુચિત જાતિ તથા અનુસુચિત જન જાતિના અનામત કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો પણ તેઓએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૮) અશકત (Disable )ઉમેદવારો તથા માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

## ૯. પસંદગી પ્રક્રિયા:–

### ૯.૧ જા.ક્ર.GF/201516/1 મદદનીશ મત્સ્યોધોગ અધિક્ષક(સીનીયર) વર્ગ–૩ :–

ઉકત સંવર્ગની જગ્યાઓ ઉપર પસંદગી માટે હેતુલક્ષી પ્રશ્નોવાળી OMR પધ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે. OMR પધ્ધતિ ફરજીયાત છે.OMR ટેસ્ટના મેળવેલ ગુણના આધારે મેરીટ ગણવામાં આવશે. કોઈ મૌખિક ઈન્ટરવ્યુ કે રુબરુ મુલાકાત યોજવામાં આવશે નહી.

OMR પધ્ધતિની પરીક્ષામાં એક પ્રશ્નપત્ર રહેશે. પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનુ રહેશે. આ પ્રશ્નપત્રનો સમય ૧ કલાકનો રહેશે. પ્રશ્નપત્ર બે ભાગમાં રહેશે. દરેક ભાગ ૫૦ ગુણનો રહેશે. ભાગ–૧ માં હેતુલક્ષી પ્રકારના સામાન્ય જ્ઞાનના વિષયો જેવા કે અંગ્રેજી તથા ગુજરાતી ભાષાના વ્યાકરણને લગતા પ્રશ્નો, સામાન્ય વિજ્ઞાન, ભારતનુ બંધારણ, તાજેતરના મહત્વના રાજયના અને રાષ્ટ્રીય મુધ્દાઓ/બનાવો, ગુજરાતની ભૌગોલિક બાબતો તથા કુદરતી સંપતિ, ગુજરાતની ખેતી અને ઉધ્યોગો, ગુજરાતનો સાંસ્કૃતિક વારસો–સાહિત્ય,કલા, ધર્મ, ખેલજગત, ગુજરાતની રાજનીતિ, પંચાયતી રાજ, વિવિધ ક્ષેત્રે દેશમાં મહિલાઓનો ફાળો વિગેરે વિષયનો સમાવેશ રહેશે.

**પ્રશ્નપત્ર ભાગ–૨** જેમાં ભરતી નિયમોને અનુરુપ, ફીશરીઝ સાયન્સ, ફીશરીઝ રીસોર્સ મેનેજમેન્ટ, એકવાટીક બાયોલોજી, મેરી કલ્ચર, પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી, મરીન સાયન્સ, અને ઝુઓલોજી વિષયક ક્ષેત્રોનો સમાવેશ રહેશે.

પ્રત્યેક ખોટા જવાબના કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત ગુણના (-) ૦.૨૫ ગુણ ઉમેદવારે મેળવેલ ગુણમાંથી કાપવામાં આવશે. એટલે કે, ખોટા જવાબ માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે. જવાબ નહી આપવામાં આવેલ પ્રશ્નોના ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહી. પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે.

**૧૦. પરીક્ષા કેન્દ્રો** : જાહેરાતમાં દર્શાવેલ જગ્યાનું પરીક્ષા કેન્દ્ર અમદાવાદ રહેશે.

**૧૧.** જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે હેતુલક્ષી પ્રશ્નોવાળી OMR પધ્ધતિથી લેવાની પરીક્ષાની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે.

**૧૨. સામાન્ય સૂચનાઓ** :– (૧) સદરહુ ભરતી સંબંધિત તમામ સુચનાઓ/વિગતો વખતો વખત મત્સ્યોધોગ કમિશ્નરશ્રી ગાંધીનગરની કચેરીના હેલ્પ લાઈન નં.૦૭૯–૨૩૨૫૩૭૩૯ પરથી જાણવા મળી શકશે. તેમજ **પરી**ક્ષાના કોલ લેટર પરીક્ષા કેન્દ્ર તારીખ, સ્થળ અંગેની અગત્યની જાણકારી જરુર જણાયે ઉમેદવારને તેમણે અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર SMS થી જણાવવામાં આવશે

૨) ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અને તેના પુરાવાઓ પસંદગી સમિતિ/ ખાતા ધ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે રદ કરવામાં આવશે.

(૩) શારીરિક અશકતતા ધરાવતાં ઉમેદવારોએ ઓન લાઈન ફોર્મમાં અંગત માહિતી કે વિગતોમાં પોતાની અશકતતાની ટકાવારી દર્શાવવાની રહેશે.

(૪) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પછીથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહય રાખવામા આવશે નહી.

(૫) આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

(૬) ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબધિત જગ્યા પર નિમણુંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણુંક કરનાર સત્તાધિકારીને એવી ખાત્રી થાય કે જાહેર સેવા સારુ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર ઠરાવેલ નિયમો અનુસાર યોગ્ય જણાતી નથી. તો તે તબકકે આ ઉમેદવારને નિમણુંક ન આપવાનો નિર્ણય લઈ શકાશે. અને આ બાબતે નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૭) આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધીન રહેશે.

(૮) આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની તેમજ ફેરફાર કરવાની તેમજ જગ્યાઓની સંખ્યામાં વધ–ઘટ કરવાની આવશ્યકતા ઊભી થશે તો તેમ કરવાનો ભરતી પસંદગી સમિતિને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે. આ માટે કારણો આપવા બંધાયેલા રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.

(૯) (અ) સામાજિક, શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તેઓનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી, તે મતલબનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૬.૨.૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ–ક, માં તા.૩૧.૩.૨૦૧૫ ના રોજ પુરા થતાં **૨૦૧૪–૨૦૧૫** ના નાણાંકીય વર્ષની આવકને ધ્યાને લઈને તા. ૧.૪.૨૦૧૪ થી તા.૩૧/૩/૨૦૧૫ સુધીના સમય માટેનુ યોગ્ય સત્તાધિકારીએ આપેલ હોવુ જોઈએ. અને આ પરિશિષ્ટ–ક નો નંબર અને તારીખ ઓનલાઈન અરજી વખતે દર્શાવવાનો રહેશે. પરિશિષ્ટ–ક ના સ્થાને એનેક્ષર– એ નું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહિ

(બ) પરિણીત મહિલા ઉમેદવારે આવુ પ્રમાણપત્ર તેણીના માતા–પિતાની આવકના આધારે રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના આધારે આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

(ક) અરજી સાથે પરિશિષ્ટ–ક ને બદલે એનેક્ષર–એ (અંગ્રેજીમાં) રજૂ કરેલ હશે તો પણ આવા ઉમેદવારની અરજી સામાજીક, અને શૈક્ષણિક પછાત વર્ગની જગ્યા માટે માન્ય ગણવામાં આવશે નહી

(૧૦) દરેક જગ્યાઓ માટે ઉમેદવારોએ સ્વખર્ચે પરીક્ષામાં ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૧૧) ગુજરાતના સરકારી કર્મચારી આ જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ/ ખાતા/ કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ– ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી (એન.ઓ.સી.) ભરતી સમિતિને રજુ નહી કરવામાં આવશે, તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ (૧) થી (૧૦) અનુસરવાના રહેશે. કન્ફર્મેશન નંબર મળ્યા પછી જ અરજી સંપૂર્ણ રીતે ભરાયેલ ગણાશે.

## <u>અરજી કરવાની રીત</u>

આ જાહેરાતના સંદર્ભમાં સમિતિ ધ્વારા N.I.C. ની http://ojas.guj.nic.in અથવા http://ojas2.guj.nic.in વેબસાઈટ મારફત ઓન લાઈન અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર જાહેરાતમાં દર્શાવ્યા તારીખે ૯/૦૪/૨૦૧૫( ૧૪–૦૦ કલાક) થી તા.૨૯/૦૪/૨૦૧૫ (સમય રાત્રીના ૨૩:૫૯ કલાક) સુધીમાં વેબસાઈટ http://ojas.guj.nic.in અથવા http://ojas2.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઈન્ટરનેટમાં વેબસાઈટhttp://ojas.guj.nic.in અથવા http://ojas2.guj.nic.in પર જવુ. અને તેમાં નીચે જણાવેલ પગથિયા (સ્ટેપ્સ) ને અનુસરીને અરજીપત્ર ભરવુ.

(૧) Apply Online પર Click કરવુ.(૨) જગ્યા પર Click કરવાથી જગ્યાની વિગતો મળશે. (૩) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ personal Detail( ઉમેદવારે ભરવી. (અહીં લાલ (*) ફુંદડી નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. (૪) personal Detail( ભરાયા બાદ Educational Detail ભરવા માટે Education Detail( પર Click કરવું (૫) હવે ઉમેદવારે પરીક્ષા કેન્દ્ર (exam centre ) પર Click કરવુ. અહીં પોતાની પસંદગીનું પરીક્ષા કેન્દ્ર ભરવું. (૬) તેની નીચે Self Declaration

માં Yes /No પર Click કરવુ. (૭) હવે Save પર Click કરવાથી તમારી અરજીનો on line સ્વીકાર થશે. અને નંબર ક્રીએટ થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.



(૮) હવે પેજના ઉપરના ભાગમાં Upload photo પર Click કરો અહી તમારો Application Number Type કરો અને તમારી Birth date Type કરો. ત્યારબાદ ok પર Click કરો. અહીં photo અને Signature Upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઈ અને ૩.૬ સે.મી પહોળાઈ અને Signature નું માપ ૨.૫ ઉંચાઈ અને ૭.૫. સે.મી. પહોળાઈ રાખવી) photo Signature Upload કરવા સૌ પ્રથમ તમારો photo અને Signature JPG format માં (15 kb ) સાઈઝ થી વધારે નહી તે રીતે Computer માં હોવો જોઈએ.) Browse Button પર Click કરો. હવે choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં JPG format માં તમારો photo store થયેલ છે. તે ફાઈલને Select કરો અને Open button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં Upload Button પર Click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે Signature પણ Upload કરવાની રહેશે. (૯) હવે પેજના ઉપરના ભાગમાં Confirm Application પર Click કરો અને Application Number તથા Birth date Type કર્યા બાદ Ok પર Click કરવાથી (૨) બટન ૧: Application Preview ૨: Confirm Application દેખાશે. ઉમેદવારે show Application Preview પર જઈ પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કલીક કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલા કોઈ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm કર્યા બાદ અરજીમાં કોઈ પણ સુધારો થઈ શકશે નહી. જો અરજી સુધારવાની જરુર ન જણાય તો જ Confirm Application પર Click કરવુ. Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો સમિતિ ધ્વારા On line સ્વીકાર થઈ જશે. અહીં Confirm Number Generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરુરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirm Number સિવાય કોઈ પણ પત્રવ્યવહાર કે પરીક્ષાને લગતી કોઈપણ કાર્યવાહી કરી શકાશે નહી (૧૦) હવે print Application પર Click કરવુ. અહીં તમારો Confirm Number ટાઈપ કરવાનો અને print પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી ચલનની એક પાનામાં ત્રણ નકલો નીકળશે. જે ચલન નજીકની કોમ્પ્યુટરાઈઝડ પોસ્ટ ઓફીસમાં રજુ કરી અરજી ફી ભરપાઈ કરવાની રહેશે. (૧) જો અરજીમાં આપે મોબાઈલ નંબર આપેલ હશે. તો અરજી Confirm થયેથી તુરત જ આપને અરજીમાં દર્શાવેલ નંબર ઉપર SMS મળશે. આપના મોબાઈલ નંબર ઉપર સમિતિ ધ્વારા આ જાહેરાત સંદર્ભે SMS થી જાણ કરવામાં આવશે.

આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના ભરતી નિયમો અન્વયે શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, વયમર્યાદામાં છૂટછાટ, પરીક્ષા ફી અને પરીક્ષા અને પસંદગીની પધ્ધતિની વિગતો અને જાહેરાતની અન્ય તમામ વિગતો http://ojas.guj.nic.in અથવા http://ojas2.guj.nic.in ઉપર જોવા મળશે. ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને ઉમેદવારે નિમણુંક સત્તાધિકારી સમક્ષ રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે નિમણુંક અધિકારી ધ્વારા ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે. તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની ઉમેદવારી નિમણુંક સત્તાધિકારી/ સમિતિના પરામર્શમાં રદ કરવામાં આવશે. તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ આવા ઉમેદવારની જો પસંદગી/નિમણુંક થયેલ હશે તો સંબધિત કચેરી ધ્વારા પસંદગી સમિતિના પરામર્શમાં કોઈપણ તબકકે રદ કરવામાં આવશે. આ સંવર્ગની સીધીભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ વખતો વખત સુધાર્યા મુજબ અને તે અન્વયે આ સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી/ પરીક્ષા નિયમોને આધીન રહેશે. આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ભરતી સમિતિને સંપૂર્ણ હકક/ અધિકાર રહેશે, અને ભરતી સમિતિ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

તારીખઃ /૦૪/૨૦૧૫
સ્થળ :– ગાંધીનગર

અધ્યક્ષ
ભરતી સમિતી અને મત્સ્યોધોગ
કમિશ્નર ગાંધીનગર.